# જન્મદિને વધામણી



એલ એન પરમાર



કીર્તિરાજ મનહરસિંહ
આશાપુરા જલસેવા
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫



વ્યોમ વિપુલભાઈ પટેલ
મો. ૯૪૨૮૪ ૭૬૭૬૧



સંજીવની રાકેશભાઈ પગી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે વાર્ષિક રમતોત્સવ



દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગનો વાર્ષિક રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. કબડ્ડી, ૧૦૦ મીટર રેસ, ૨૦૦ મીટર રેસ, રિલે રેસ, રસ્સાખેંચ, ડોજ બોલ, અવરોધક દોડ, ગોળાફેંક જેવી રમતોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગલીધો હતો. કાર્યક્રમને દીપાવવા માટે ગુજરાત યુનિવર્સિટીના ફિઝિકલ એજ્યુકેશન ડિરેક્ટર બી ડી વનાર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા બામ્બુ ડાન્સ, રિંગ ડાન્સ, સાડી ડાન્સની મોહક પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી. આચાર્ય અતનુ રથે વિદ્યાર્થીઓને ભણતરની સાથે રમતોનું મહત્ત્વ પણ સમજાવ્યું હતું અને રમતોત્સવના સુંદર આયોજન બદલ વિદ્યાર્થીઓ, શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

### સ્મિત મ્યુઝિક ગાંધીનગર દ્વારા

# સુગમ સંગીત અને ગઝલના કાર્યક્રમ માટે ગાયકોને ઈજન

## બે વિભાગમાં ૧૬ કલાકારોને તક આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૫

સ્મિત મ્યુઝિક, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને અન્ય સ્નેહીઓના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર જિલ્લાના યુવાધન માટે 'અવિનાશના અજવાળે બાગમાં ટહુકો' ગુજરાતી સુગમ સંગીત, ગઝલ, લોકગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં જ્યોતિ-ભરત ગજ્જરે જણાવ્યું છે કે તા. ૧૦ ફેબ્રુઆરીનો રવિવારે આ કાર્યક્રમ યોજવામાં આવ્યું છે, જે માટે ગાંધીનગર જિલ્લાના ૧૫થી ૨૫ વર્ષ અને ૨૫થી ૩૫ વર્ષ એમ બે વિભાગમાંથી ઑડિશનના આધારે ૧૬ કલાકારોને તારવી ભવ્ય લાઈવ ગુજરાતી સંગીત સંધ્યા યોજવામાં આવશે. ગુજરાતી સુગમ સંગીત, ગઝલમાં ઋચિ ધરાવતા આ સંધ્યામાં ભાગ લેવા ઈચ્છુક ગાયકોને પોતાનું નામ, ગામ, જન્મતારીખ, ઉંમર, ગીત વગેરે વિગતો મો.નં. ૯૬૬૨૦ ૨૩૧૩૫ પર વૉટ્સએપના માધ્યમથી મોકલી દેવા તેમણે અનુરોધ કર્યો છે. આ માટેની અંતિમ તારીખ ૨૬ જાન્યુઆરી છે અને ઑડિશન ૨૭ જાન્યુઆરીના રોજ યોજવામાં આવશે એમ પણ તેમણે વધુમાં જણાવ્યું છે.

# ગાંધીનગર આઈઆઈટી ખાતે ટ્રેનર્સ ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો



આઈઆઈટી, ગાંધીનગર ખાતે 'ફાઈન્ડિંગ ધી લીડર ઈન યુ' શિર્ષક હેઠળ ટ્રેનર્સ માટેના એક ટ્રેનિંગ કાર્યક્રમનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. ડૉ. હર્ષ ભાર્ગવ, ડૉ. અરૂણા ભાર્ગવ, ઉદય નાડકર્ણી, ડૉ. અમરીષ ગર્ગ અને સંદીપ સેઠી દ્વારા આ કાર્યક્રમ હેઠળ ૨૦ જેટલા માસ્ટર ટ્રેનર્સને તાલીમ પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન, સંચાલન આઈઆઈટી કોમ્પિટિટિવનેસ માઈન્ડસેટ ઈનિશિયેટીવના સલાહકાર પ્રૉ. હાવોવી ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

# એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલનો વાર્ષિકોત્સવ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલનો વાર્ષિકોત્સવ અને તેજસ્વી તારલા અભિવાદન સમારોહ કેમ્પસના શેઠશ્રી ખીમજી વિસરામ હૉલમાં યોજવામાં આવ્યો હતો. સમારોહના અધ્યક્ષસ્થાને સંસ્થાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, અતિથિ તરીકે ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડના ચેરમેન ડી ડી પટેલ, સંસ્થાના દાતા જયંતિભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, નર્મદા અને જળસંપત્તિ વિભાગનાં નાયબ સેક્શન અધિકારી ડૉ. દિવ્યાબેન સી બરંડા ઉપસ્થિત રહ્યાં હતાં.

# તપોવન ધામમાં ભાષાસજ્જતા માટે કાર્યક્રમ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૫

તપોવન રજતજયંતિ વર્ષ નિમિત્તે રોહિતભાઈ બી જોષી દ્વારા તપોવન વાત્સલ્ય ધામમાં ધોરણ-૭ અને ૯ના વિદ્યાર્થીગણે વર્ણમાલા લેખન, ઉચ્ચારશુદ્ધિ, વાચન, કથન, ગણન અને લેખન કૌશલ્યના ક્રમિક વિકાસનું દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણ ગ્રહણ કર્યું હતું. ટ્રસ્ટી, પ્રધાનાચાર્ય અને શિક્ષક રાધેશ્યામભાઈએ સમગ્ર વ્યવસ્થા ઉપરાંત આભારવિધિ સંભાળી હતી.


# ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં કારકિર્દી વિષયક વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૫

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં હોમ સાયન્સ વિભાગ દ્વારા કારકિર્દી વિષયક વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. 'હોમ સાયન્સના અભ્યાસ બાદ ઉપલબ્ધ વ્યાવસાયિક તકો' વિષયે આયોજિત આ વ્યાખ્યાન ગ્રામ વિદ્યાપીઠ, નારદીપુરના અધ્યાપક ડૉ. રાજેશભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. બીએ, હોમ સાયન્સ પછી વિદ્યાર્થિનીઓ માટે ઉપલબ્ધ વ્યાવસાયિક તકો અંગે તેમણે વિગતે માહિતી આપી હતી અને વિદ્યાર્થિનીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ પાઠવવામાં આવ્યા હતા. ૫૦ વિદ્યાર્થિનીઓએ આ વ્યાખ્યાનનો લાભ લીધો હતો.

કાર્યક્રમનું આયોજન કૉલેજનાં આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરીના માર્ગદર્શ હેઠળ ડૉ. સજ્જનબેન ચૌધરી અને પ્રા. પ્રતિમાબેન છનિયારા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ૩૧મીથી 'વસુંધરાની વાણી' કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૨૫

'વસુંધરાની વાણી' નામે એક અનોખા કાર્યક્રમનું આયોજન ભાષાપ્રેમી સંસ્થાઓ દ્વારા સંયુક્તપણે કરવામાં આવ્યું છે.

'વસુંધરાની વાણી' એક એવી પ્રવૃત્તિ છે કે જે વહેવારની ભાષામાં જ પૂરાઈને રહેતા આપણા જીવને કૂણો, કુમળો ને કુદરતી બનાવવાની લગની રાખે છે. ભાષાના મોહમાં આપણે વાણીને વિસરી ન જઈએ તે માટે પણ પ્રયત્ન કરવા માગે છે.

કવિત, કવિતા, ભજન, દુહા, વારતા અને શબદ રૂપે પ્રગટ થયેલી રસગર્ભા વસુંધરાની પોતાની વાણીમાંથી ગુજરાતના અને ભારતભરના કવિ, ભજનિકોને, શબદના બંદાઓએ સાંભળેલી, ઝીલેલી ધારા સજીવન કરીને ગુજરાતના ગ્રામીણ તથા શહેરીજનોના કાનથી તેમની જીભ લગી પહોંચવાનો આ પ્રયાસ છે. આ કાર્યક્રમ આણંદ, વિદ્યાનગર, કલોલ અને અમદાવાદના સાહિત્યપ્રેમીઓ તથા વિશ્વગ્રામ, બાસણા અને વસુંધરાની વાણી પ્રૉજેક્ટ દ્વારા સંયુક્તપણે ચલાવવામાં આવી રહ્યો છે, જેને વિવિધ સંસ્થાઓ અને વ્યક્તિઓની સહાય પણ પ્રાપ્ત થઈ રહી છે. વસુંધરાની વાણી હેઠળ આ વખતે દેવાસ, મધ્યપ્રદેશના સુપ્રસિદ્ધ લોકગાયક કાલુરામ બામણીયા તથા સાથી કલાકારો તૈયાર થયા છે. એમનો કાર્યક્રમ તા. ૩૧ જાન્યુઆરીના રોજ શ્રી એમ પી પટેલ ઑડિટોરિયમ, સરદાર પટેલ યુનિવર્સિટી સામે, વલ્લભવિદ્યાનગર ખાતે સાંજે ૭થી ૯ દરમિયાન, તા. ૧ ફેબ્રુઆરીના રોજ હોલી ચાઈલ્ડ સ્કૂલ, પંચવટી, કલોલ ખાતે સાંજે ૬થી ૮ દરમિયાન અને તા. બીજી ફેબ્રુઆરીના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઈમ્સ ઑફ ઈન્ડિયાની પાછળ, નદીકિનારે, અમદાવાદ ખાતે સાંજે ૬થી ૯ દરમિયાન યોજવામાં આવશે. રસ ધરાવતા સૌ નાગરિકોને આ કાર્યક્રમનો લાભ માણવા માટે આયોજકો તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# વાર્તાયનના ૧૩મા પર્વમાં રાહુલ શુકલ, શૂચિ વ્યાસ અને વલ્લભ નાંઢાનું વાર્તાપઠન

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતી ભાષામાં નવા વાર્તાકારોને આગળ લાવવા અને તેમની વાર્તાઓ જનસમુહ સુધી પહોંચે એવા આશયથી તથા લોકોને વાર્તાકળામાં રસરૂચિ લેતા કરવાના આશયથી ગાંધીનગરમાં દર મહિને "વાર્તાયન"ની બેઠક યોજાય છે જેમાં બે વાર્તાકારો પોતાની વાર્તાનું પઠન કરે છે. છેલ્લા એક વર્ષથી ચાલતી આ બેઠકનું પર્વ - ૧૩ રાજકોટની "વામા" સંસ્થાના સહયોગથી રાજકોટ મુકામે તા. ૨૦, જાન્યુઆરીના રોજ યોજાઈ ગયું, આરંભે મધુ રાયની વાર્તાનું વાચિકમ યોગિની કેલૈયા દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ



અમેરિકા સ્થિત જાણીતા લેખક રાહુલ શુકલએ પોતાની "સજન રે જૂઠ મત બોલો" સૂચિ વ્યાસે "સનમની શોધમાં" અને લંડન સ્થિત વલ્લભ નાંઢાએ "મગજમેટ" વાર્તાઓ રજુ કરી હતી. આ ત્રણેય વાર્તાની પાર્શ્વભૂ વિદેશની ધરતી હતી પરંતુ સંવેદન ભારતીય હોવાની સૌને પ્રતીતિ થઈ હતી. રાહુલ શુકલની વાર્તા ગાયક મુકેશના મીથને જીવંત રૂપ આપીને લેખકે પોતાની કાલ્પનિક ભાવસૃષ્ટિ ખડી કરીને ચોટદાર અંત દ્વારા સૌને ભાવવિભોર બનાવી દીધા હતા. "સનમની શોધમાં" વાર્તામાં વૃદ્ધાવસ્થાના એકાકી જીવનની પીડાને ધ્યાનમાં રાખીને આલેખાયેલી આ વાર્તા એકદમ હળવી શૈલીમાં રજુ થઈ હતી. વૃદ્ધ કન્યા માટે અપાતી જાહેરાત રમુજ ફેલાવે છે પણ એની પાછળની કરૂણ વાસ્તવિકતા સૌને વિચારતા કરી દે છે. જ્યારે "મગજમેટ" વાર્તામાં પરાગજી નામના પાત્રને ધ્યાનમાં રાખી એના જીવનની આસપાસ બનતી ઘટનાઓની સૂક્ષ્મ રજુઆત કરીને એની માનસિક સ્થિતિનો ચિતાર આપવામાં આવ્યો હતો. ત્રણેય વાર્તાઓની ભાવકોએ ચર્ચા વિચારણા કરી હતી અને અંતે "વાર્તાયન"ના સંયોજક અને સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટે આ ત્રણેય વાર્તાઓની સમીક્ષા કરતા વાર્તાની રચનારીતિ પ્રત્યે થોડી વાત કરી હતી. ત્રણેય વાર્તાકારોએ પોતાની પ્રતિક્રિયા આપી હતી. ત્યારબાદ ઉપસ્થિત જાણીતા વાર્તાકાર મધુ રાયે પોતાની સર્જન પ્રક્રિયા વિશે વાત કરી હતી.

કાર્યક્રમને આરંભે સ્નેહલ તન્નાએ ત્રણેય લેખકોનો પરિચય આપ્યો હતો. "વામા" સંસ્થાના પ્રમુખ શ્રદ્ધા રાવલે સૌ સર્જકો તથા ભાવકોને આવકાર્યા હતા. રંજના ખખ્ખરે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હર્ષાબહેન રાવલે કર્યું હતું. આ બેઠકમાં મીનાબેન શુકલ, ડૉ. અંબાદાન રોહડિયા, "મમતા" વાર્તામાસિકના તંત્રી એ. વી. ઠાકર તથા "વામા"નાં તમામ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# હિંદીઓની હાડમારીઓનો સ્પર્શ

લડાઈના કામમાંથી છૂટા થયા પછી મને લાગ્યું કે હવે મારું કામ દક્ષિણ આફ્રિકામાં નથી પણ દેશમાં છે. દક્ષિણ આફ્રિકામાં બેઠો બેઠો હું કાંઈક સેવા તો જરૂર કરું, પણ ત્યાં મારો મુખ્ય ધંધો તો પૈસા કમાવાનો જ થઈ પડે એમ મને લાગ્યું.

દેશથી મિત્ર વર્ગની ખેંચ પણ દેશ આવવા તરફ ચાલુ હતી. મને પણ ભાસ્યું કે દેશ જવાથી મારો ઉપયોગ વધારે થઈ શકશે. નાતાલમાં મિ. ખાન અને મનસુખલાલ નાજર હતા જ.

મેં સાથીઓ આગળ મુક્ત થવાની માગણી કરી. ઘણી મુસીબતે એ માગણીનો શરતી સ્વીકાર થયો. શરત એ હતી કે, એક વર્ષની અંદર જો કોમને મારી જરૂર જણાય તો મારે પાછું દક્ષિણ આફ્રિકા જવું. મને આ શરત કઠણ લાગી, પણ પ્રેમપાશથી હું બંધાયેલો હતો :

કાચે રે તાંતણે મને હરજીએ બાંધી
જેમ તાણે તેમ તેમની રે
મને લાગી કટારી પ્રેમની.

આ મીરાંબાઈની ઉપમા થોડેઘણે અંશે મને લાગુ પડતી હતી. પંચ પણ પરમેશ્વર જ છે. મિત્રોના બોલને હું તરછોડી નહોતો શકતો. મેં વચન આપ્યું ને રજા મેળવી.

આ વેળા મારો નિકટ સંબંધ નાતાલ સાથે જ હતો એમ કહેવાય. નાતાલના હિંદીઓએ મને પ્રેમામૃતથી નવડાવી મૂક્યો. ઠેકઠેકાણે માનપત્રો આપવાની સભાઓ થઈ, અને દરેક ઠેકાણેથી કીંમતી ભેટો આવી.

૧૮૯૯માં જ્યારે હું દેશ આવેલો ત્યારે પણ ભેટો મળેલી, પણ આ વખતની ભેટોથી ને સભાઓનાં દશ્યથી હું અકળાયો. ભેટોમાં સોનાચાંદીની વસ્તુઓ તો હતી જ પણ તેમાં હીરાની વસ્તુઓ પણ હતી.

આ બધી વસ્તુઓનો સ્વીકાર કરવાનો મને શો અધિકાર હોય ? એનો સ્વીકાર કરું તો કોમની સેવા હું પૈસા લઈને નહોતો કરતો એમ મારા મનને કેમ મનાવું ? આ ભેટોમાં, થોડી અસીલોની બાદ કરતાં બાકી બધી કેવળ મારી જાહેર સેવાને અંગે જ હતી. વળી મારે મન તો અસીલો અને બીજા સાથીઓ વચ્ચે કશો ભેદ નહોતો. મુખ્ય અસીલો બધા જાહેર કામમાં પણ મદદ દેનારા હતા.

વળી, આ ભેટોમાં એક પચાસ ગીનીનો હાર કસ્તૂરબાઈને સારુ હતો. પણ એને મળેલી વસ્તુ પણ મારી સેવાને અંગે હતી, એટલે તેને નોખી તારવી ન શકાય.

જે સાંજે આમાંની મુખ્ય ભેટો મળી હતી તે રાત્રિ મેં બાવરાની જેમ જાગીને ગાળી. મારા ઓરડામાં આંટા માર્યા કર્યા. પણ કંઈ ગૂંચ ઊકલે નહીં. સેંકડોની ભેટ જતી કરવી એ ભારે પડતું હતું. રાખવી એ વધારે ભારે લાગતું હતું.

હું કદાચ ભેટો જીરવી શકું. પણ મારાં બાળકોનું શું ? સ્ત્રીનું શું ? તેમને શિક્ષણ તો સેવાનું મળતું હતું. સેવાનું દામ લેવાય નહીં એમ હમેશાં સમજાવવામાં આવતું હતું. ઘરમાં કીમતી દાગીના વગેરે હું નહોતો રાખતો. સાદાઈ વધતી જતી હતી. આવી સ્થિતિમાં સોનાની ઘડિયાળો કોણે વાપરવી ? સોનાના અછોડા ને હીરાની વીંટીઓ કોણે પહેરવાં ? ઘરેણાંગાંઠાનો મોહ તજવા ત્યારે પણ હું બીજાઓને કહેતો. હવે આ દાગીના ને ઝવેરાતનું મારે શું કરવું ?

મારાથી આ વસ્તુઓ ન જ રખાય એવા નિર્ણય ઉપર હું આવ્યો. પારસી રુસ્તમજી ઈત્યાદિને આ દાગીનાઓના ટ્રસ્ટીઓ નીમી તેમના પર લખવાનો કાગળ ઘડ્યો, ને સવારમાં સ્ત્રીપુત્રાદિની સાથે મસલત કરી મારો ભાર હળવો કરવાનો નિશ્ચય કર્યો.

ધર્મપત્નીને સમજાવવાનું મુશ્કેલ પડશે એ હું જાણતો હતો. બાલકોને સમજાવવામાં મુદ્દલ મુશ્કેલી નહીં આવે એવી મને ખાતરી હતી. તેમને વકીલ નીમવાનો વિચાર કર્યો.

બાલકો તો તુરત સમજ્યા. 'અમારે એ દાગીનાઓનું કામ નથી. આપણે તે બધું પાછું જ આપવું. ને કદાચ આપણને એવી વસ્તુ જોઈતી હશે તો આપણે પોતે ક્યાં નથી લઈ શકતા ?' આમ તેઓ બોલ્યા.

હું રાજી થયો. 'ત્યારે બાને તમે સમજાવશો ને ?' મેં પૂછ્યું.

'જરૂર, જરૂર. એ અમારું કામ. એને ક્યાં એ દાગીના પહેરવા છે ? એ તો અમારે સારુ રાખવા ઈચ્છે. અમારે એ ન જોઈએ, પછી એ શાની હઠ કરે ?'

પણ કામ ધાર્યા કરતાં વસમું નીવડ્યું.

'તમારે ભલે ખપ ન હોય, તમારા છોકરાઓને ભલે ન હોય. બાળકોને જેમ ચડાવો તેમ ચડે. ભલે મને પહેરવા ન દો, પણ મારી વહુઓનું શું ? એમને તો ખપ આવશે ? અને કોણ જાણે કે કાલે શું થશે ? એતલા હેતથી આપેલી વસ્તુઓ પાછી ન દેવાય.' આમ વાગ્ધારા ચાલી ને તેની સાથે અશ્રુધારા મળી. બાળકો મક્કમ રહ્યા, મારે ડગવાપણું નહોતું.

150 ગાંધીયાત્રા

મેં હળવેથી કહ્યું : 'છોકરાઓ પરણે તો ખરા. આપણે ક્યાં બાળવયે પરણાવવા છે ? મોટા થાય ત્યારે તો તે પોતે જ ભલે કરવું હોય તે કરે. અને આપણે ક્યાં ઘરેણાંની શોખીન વહુઓ ગોતવી છે ? છતાં કંઈ કરાવવું જ પડે તો હું ક્યાં નથી બેઠો ?'

'જાણ્યા તમને. મારાં ઘરેણાં પણ લઈ લીધાં એ જ તમે ના ? મને સુખે નથી પહેરવા દીધું એ તમે મારી વહુઓને સારુ શું લેવાના હતા ? છોકરાઓને આજથી વેરાગી બનાવી રહ્યા છો ! એ દાગીના નહીં પાછા અપાય. અને મારા હાર ઉપર તમારો શોહક ?'

'પણ એ હાર તારી સેવાને ખાતર કે મારી સેવાને ખાતર મળ્યો છે ?' મેં પૂછ્યું.

'ભલે ને. તમારી સેવા એટલે મારી પણ થઈ. મારી પાસે રાતદહાડો મજૂરી કરાવી એ સેવામાં નહીં ગણાતું હોય ? રડાવીને પણ જેને ને તેને ઘરમાં રાખ્યા ને ચાકરીઓ કરાવી તેનું શું ?'

આ બધાં બાણ અણિયાળાં હતાં. એમાંનાં કેટલાંક વાગતાં હતાં. પણ ઘરેણાં તો મારે પાછાં આપવાં જ હતાં. ઘણી વાતોમાં હું જેવી તેવી સંમતિ લઈ શક્યો. ૧૮૯૬માં મળેલી ને ૧૯૦૧માં મળેલી ભેટો પાછી આપી. તેનું ટ્રસ્ટ બન્યું ને તેનો જાહેર કામને સારુ ઉપયોગ, મારી ઈચ્છા મુજબ અથવા ટ્રસ્ટીઓની ઈચ્છા મુજબ, થાય એ શરતે તે બેંકમાં મુકાઈ. એ ઘરેણાં વેચવા નિમિત્તે ઘણી વેળા હું પૈસા એકઠા કરી શક્યો છું. આજે પણ આપત્તિફાળા તરીકે તે મોજૂદ છે ને તેમાં વૃદ્ધિ થતી ગઈ છે.

આ પગલાને વિષે મને કદી પશ્ચાત્તાપ થયો નથી. દિવસો જતાં કસ્તૂરબાઈને પણ તેની યોગ્યતા જણાઈ ગઈ. અમે ઘણી લાલચોમાંથી ઊગર્યા છીએ. જાહેર સેવકને અંગત ભેટો ન હોય એવા અભિપ્રાય ઉપર હું આવેલો છું.



- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર